# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-02-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

****************************************************

1) દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે પ્રચારનો આજે અંતિમ દિવસ

2) પ્રયાગરાજ ખાતે કરોડો શ્રધ્ધાળુઓ દ્વારાવસંત પંચમીનું અમૃત સ્નાન ચાલી રહ્યું છે

3) વકફ (સુધારા) બિલ, 2024 પરની સંયુક્ત સમિતિનો અહેવાલ આજે લોકસભામાં રજૂ થશે

4) કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ અમેરિકન ચીજોની આયાત પર 25 ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી

5) પુરુષોની ટી-20 ક્રિકેટ શ્રેણીની પાંચમી અને અંતિમ મેચમાં ભારતે ઇંગલેન્ડને 150 રનથી હરાવીને શ્રેણીમાં 4-1થી વિજય મેળવ્યો

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DELHI ASSEMBLY ELECTION

દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પ્રચારનો આજે છેલ્લો દિવસ છે. ભારતીય જનતા પાર્ટી, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના નેતાઓ અને સ્ટાર પ્રચારકોએ શહેરમાં રોડ શો, ડોર ટુ ડોર પ્રચાર અને જાહેર સભાઓ કરીને મતદારોને આકર્ષવામાં કોઈ કસર છોડી નથી.

ચૂંટણીમાં કુલ 699 ઉમેદવારો મેદાનમાં છે. 70 સભ્યોની દિલ્હી વિધાનસભા માટે બુધવારે મતદાન યોજાશે અને મતગણતરી શનિવારે થશે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે, એક કરોડ 56 લાખથી વધુ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે અને ઉમેદવારોનું ભાવિ ઘડશે. રાષ્ટ્રીય રાજધાનીમાં 13 હજાર 760 મતદાન મથકો પર મતદાન થશે.

# KUMBH SNAN

હવે મહાકુંભ અંગેનાં સમાચાર

**(kumbh music)**

પ્રયાગરાજ ખાતે વસંત પંચમી પ્રસંગે ત્રીજું અમૃત સ્નાન હાલ ચાલી રહ્યું છે. 13 અખાડામાંથી દરેક અખાડાને અમૃત સ્નાન માટે નિર્દિષ્ટ સમયપત્રક આપવામાં આવ્યું છે. આજે સવારે ત્રિવેણી સંગમ ખાતે સૌ પ્રથમ મહાનિર્વાણી પંચાયતી અખાડા અને શંભુ પંચાયતી અટલ અખાડાએ પવિત્ર સ્નાન કર્યું. શ્રધ્ધાળુઓની સલામતી માટે અર્ધલશ્કરી દળો સહિત 50 હજારથી વધુ સુરક્ષા કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

પ્રસ્તુત છે એક અહેવાલ

***(VOICE CAST : ANAND Maha kumbh)***

વિશ્વનાં સૌથી મોટા ધાર્મિક મેળાવડા તરીકે જાણીતો મહાકુંભ 13 જાન્યુઆરીએ શરૂ થયો હતો અને ગઇ કાલ સુધી 35 કરોડથી વધુ શ્રધ્ધાળુઓ સંગમમાં પવિત્ર સ્નાન કરી ચૂક્યા છે.

પ્રથમ અમૃત સ્નાન 14 જાન્યુઆરીએ મકરસંક્રાંતિનાં રોજ અને બીજું અમૃત સ્નાન 29 જાન્યુઆરીએ મૌની અમાસનાં રોજ યોજાયું હતું.

**(kumbh music)**

# SC-MAHA-KUMBH

સર્વોચ્ચ અદાલત આજે મહાકુંભમાં શ્રદ્ધાળુઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે ચોક્કસ માર્ગદર્શિકા અને નિયમો લાગુ કરવા અંગેની જાહેર હિતની અરજી પર સુનાવણી કરશે. અદાલતની યાદી અનુસાર, મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની ખંડપીઠ આ અરજી પર સુનાવણી કરશે.અરજીમાં નાસભાગની ઘટનાઓ અટકાવવા અને બંધારણની કલમ 21 હેઠળ સમાનતા અને જીવનના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવાની માંગણી કરાઇ છે.આ અરજીમાં રાજ્યોને પ્રયાગરાજમાં સુવિધા કેન્દ્રો સ્થાપિત કરવાનો નિર્દેશ આપવાની માંગણી પણ કરાઇ છે.

ઉલ્લેખનીય છે કે ગત બુધવારે મહાકુંભમાં થયેલી નાસભાગમાં 30 લોકોના મોત અને કેટલાક ઇજાગ્રસ્ત થયા હતા.

# JOINT PARLIAMENTARY COMMITTEE

વકફ (સુધારા) બિલ, 2024 પરની સંયુક્ત સમિતિનો અહેવાલ આજે લોકસભામાં રજૂ થશે. આ સમિતિના અધ્યક્ષ જગદંબિકા પાલ અને ભાજપના સાંસદ સંજય જયસ્વાલ તેમનો અહેવાલ રજૂ કરશે. તેઓ સંયુક્ત સમિતિ સમક્ષ રજૂ થયેલા પુરાવાના રેકોર્ડ પણ ટેબલ પર મૂકશે. આ અહેવાલ 30 જાન્યુઆરી, 2025 ના રોજ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને રજૂ કરવામાં આવ્યો હતો. અગાઉ જેપીસીએ 25 સુધારા સાથે વકફ બિલ 1995ને મંજૂરી આપી હતી

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટેઅમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# US TARIFF CANADA CHINA

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા, મેક્સિકો અને ચીનમાંથી થતી આયાત પર ટેરિફ લાદતાં આ ત્રણેય દેશોએ પણ અમેરિકાના સામાન પર આકરા ટેરિફ સહિતનાં પ્રતિકારક પગલાં લેવાનું શરૂ કર્યું છે.

કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ દેશમાં આવતા 155 અબજ ડોલરના અમેરિકન માલ પર 25 ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ગઈ કાલે ઓટાવામાં એક પત્રકાર પરિષદને સંબોધતા, શ્રી ટ્રુડોએ આવતી કાલથી 30 અબજ ડોલરની અમેરિકન આયાત પર 25 ટકા ટેરિફ લાદવાની અને 21 દિવસમાં 125 અબજ ડોલરના અમેરિકન માલ પર સમાન ટેરિફ લાદવાની જાહેરાત કરી.

ચીનની આયાત પર 10 ટકા વધારાની ટેરિફ લાદવાના અમેરિકાના નિર્ણયનો વિરોધ કરતા ચીને જણાવ્યું છે કે, તે પોતાના વાજબી અધિકારો અને હિતોનું રક્ષણ કરવા જરૂરી પગલાં લેશે.

અગાઉ, મેક્સિકોના પ્રમુખ ક્લોડિયા શીનબૌમ પણ જણાવી ચૂક્યા છે કે, તેઓ અમેરિકાએ લાદેલી ટેરિફનો વળતો જવાબ આપશે

# MEN'S T-20 CRICKET

મુંબઇનાં વાનખેડે સ્ટેડિયમ ખાતે ગઇ કાલે રમાયેલી પુરુષોની ટી-20 ક્રિકેટ શ્રેણીની પાંચમી અને અંતિમ મેચમાં ભારતે ઇંગલેન્ડને 150 રનથી હરાવીને ભવ્ય વિજય મેળવીને 4-1થી શ્રેણી જીતી લીધી છે.

ભારતે આપેલા 248 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ઇંગલેન્ડ 10.3 ઓવરમાં માત્ર 97 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

ઓપનર ફિલિપ સોલ્ટે સૌથી વધુ 55 રન કર્યા હતા. ભારત વતી મોહમ્મદ શમીએ ત્રણ વિકેટ ઝડપી હતી. વરુણ ચક્રવર્તી, શિવમ દુબે અને અભિષેક શર્માએ બે-બે વિકેટ લીધી હતી.

અગાઉ ઇંગલેન્ડે ટોસ જીતીને ભારતને બેટિંગ આપી હતી. ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 9 વિકેટે 247 રન કર્યા હતા. અભિષેક શર્માએ 54 બોલમાં 135 રનની શાનદાર ઇનિંગ રમી હતી. તેમણે ટી-20 મેચમાં સૌથી વધુ 13 છગ્ગાનો વિક્રમ સર્જ્યો હતો.

ઇંગલેન્ડ વતી બ્રાયડન કાર્સે ત્રણ અને માર્ક વુડે બે વિકેટ ઝડપી હતી. અભિષેક શર્માને પ્લેયર ઓફ ધ મેચ અને વરૂણ ચક્રવર્તીને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યા હતા.

# TENNIS-DAVIS CUP 2025

ભારતીય ટેનિસ ટીમે નવી દિલ્હીના DLTA કોમ્પ્લેક્સ ખાતે વર્લ્ડ ગ્રુપ વન પ્લે-ઓફમાં ટોગોને 4-શૂન્યથી હરાવીને ડેવિસ કપ 2025 વર્લ્ડ ગ્રુપ વન તબક્કા માટે ક્વોલિફાય કર્યું. એન શ્રીરામ બાલાજી અને રિત્વિક બોલિપલ્લીએ ડબલ્સ રબરમાં મ'લાપા ટિંગૌ અકોમલો અને હોડ'અબાલો ઇસાક પાડિયોને 6-2, 6-1થી હરાવીને નિર્ણાયક જીત મેળવી, જ્યારે કરણ સિંહે પ્રથમ રિવર્સ સિંગલ્સમાં હોડ'અબાલો ઇસાક પાડિયોને 6-2, 6-3થી પરાજય આપ્યો.

# NETANYAHU USA VISIT

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જમિન નેતન્યાહૂ મહત્વનાં રાજકીય પ્રવાસમાં અમેરિકા પહોંચ્યા છે, જ્યાં તેઓ આવતી કાલે વ્હાઇટ હાઉસમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળશે. બંને નેતાઓ વચ્ચે સલામતી, ગાઝા યુધ્ધ વિરામ અને વ્યૂહાત્મક સહયોગ પર ચર્ચા થવાની સંભાવના છે.

નેતન્યાહુએ રવાના થતાં પહેલાં જણાવ્યું કે, આ પ્રવાસ ઇઝરાયેલ-અમેરિકા સંબંધોને વધુ મજબૂત કરવાનો પ્રસંગ છે.

આ મુલાકાતનો સમય એટલાં માટે પણ ખાસ છે કે ગાઝા સંઘર્ષ વિરામનાં બીજા તબક્કા માટેની મંત્રણા ટૂંક સમયમાં શરૂ થવાની છે.

ગયા મહિને સંઘર્ષ વિરામ અમલી બન્યા બાદ ગાઝા પટ્ટી પર પુનઃ નિયંત્રણ મેળવનાર હમાસ જૂથે કહ્યું છે કે, તે યુધ્ધની સમાપ્તિ અને ઇઝરાયેલી દળોની પુનઃ પીછેહટ બાદ જ બીજા તબક્કામાં મુક્ત થનારા બંધકોને સોંપશે.

# WEATHER

હવામાન વિભાગ આજે સવારે અને રાત્રિનાં સમયે બિહાર, ઓડિશા, આસામ, મેઘાલય, પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં અત્યંત ગાઢ ધુમ્મસની આગાહી કરી છે.

હવામાન વિભાગે આજે રાજસ્થાનમાં છુટાછવાયા વિસ્તારોમાં ગાજવીજ સાથે પવન ફુંકાવાની આગાહી કરી છે. આગામી બે દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ ભારતમાં મેદાની વિસ્તારોમાં હળવો વરસાદ પડવાની સંભાવના છે.

હવામાન વિભાગે પશ્ચિમી હિમાલય વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા બરફવર્ષાની આગાહી પણ કરી છે.

આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન દેશનાં મોટાં ભાગનાં વિસ્તારોમાં લઘુતમ તાપમાનમાં કોઈ મહત્વપૂર્ણ ફેરફાર નહીં થાય.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

**1)** અમેરિકાના ટેરિફ અંગેના સમાચાર મોટાભાગના અખબારોએ મુખ્યશીર્ષકમાં લીધા છે. સંદેશ લખે છે, ડૉનાલ્ડ ટ્રમ્પને મોટો ફટકોઃ કૅનેડા અને મેક્સિકો ઉપર 25 ટકા ટૅરિફ લગાવીને શરૂ કરેલી ટ્રેડવૉર વકરી, અમેરિકા ઉપર 25 ટકા ટેરિફ લગાવી ટ્રુડોનો વળતો ઘા. ગુજરાત સમાચાર લખે છે, ટ્રમ્પના બીજા કાર્યકાળમાં શરૂ થયેલા વેપાર યુદ્ધથી અમેરિકામાં આર્થિક વૃદ્ધિ રૂંધાય તેવી આશંકા, ટ્રમ્પની કૅનેડા, મૅક્સિકો અને ચીન સામે ટૅરિફ વૉર. ફૂલછાબે ટૅરિફ વૉર શરૂ, અમેરિકાના ટૅરિફ પ્રહાર સામે ચીન, કૅનેડા, મૅક્સિકોનો પલટવારના શીર્ષક સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે. નવગુજરાત સમય લખે છે, ટ્રમ્પનું કૅનેડા, મૅક્સિકો, ચીન સામે ટૅરિફ વૉરઃ ભારત બાકાત.

**2)** રાજસ્થાન પત્રિકાનું મુખ્યશીર્ષક છે, ગ્યારહ સાલ બાદ 'આપ' કે કિલે કો ભાજપા કી સબસે બડી ચુનૌતી.

**3)** દિવ્ય ભાસ્કરે લખે છે, રાજ્ય સરકાર મુખ્યમંત્રી શ્રમિક યોજના આગામી બજેટમાં લાવી રહી છે. ચોમાસામાં કામ બંધ રહેતું હોવાથી શ્રમિકોને માસિક ૩ હજાર અપાશે.

**4)** ગુજરાત સમાચારે 'સાયબર ક્રાઈમઃ ભુજથી ગુજરાતની 17 બૅન્કોમાં 55 ખાતા ખોલાવી પૈસાની હેરાફેરી'ના શીર્ષક સાથેના સમાચાર છેલ્લા પાના પર લીધા છે.

**5)** સંદેશ છેલ્લા પાના પર લખે છે, કુંભ સ્નાન કરવા આજે પ્રયાગરાજ માટે અમદાવાદથી 22 ફ્લાઈટ ઉડાન ભરશે, ભાડું 92 હજાર 316 બોલાયું!